Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૦૩
તા.૨૯-૦૮-૨૦૧૭, મંગળવાર
સંવત ૨૦૭૩ ભાદરવા સુદ - ૦૮
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૩ સૂર્યાસ્ત : ૦૭:૦૧

તાપમાન
ડીસા ૩૪.૬
અમદાવાદ ૩૪.૦
ગાંધીનગર ૩૪.૦
વડોદરા ૩૧.૪
સુરત ૩૨.૪
નલિયા ૩૧.૮

ચાંદી : ૩૯૫૦૦ સોનું : ૨૯૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ

પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭

જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...


# રામ રહીમને બે દુષ્કર્મના કેસોમાં ૧૦-૧૦ વર્ષની કેદ

**કઠોર સજાની સાથે સાથે ૧૪ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો : અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થાની વચ્ચે રોહતકના સુનારિયા જેલમાં કામચલાઉ કોર્ટ ઉભી કરાઈ : જજ લખીને ચુકાદો લાવ્યા : બાબાની બધી દલીલો ફગાવાઈ**

સિરસા

સાધ્વી પર રેપના કેસમાં દોષિત જાહેર કરવામાં આવેલા ડેરા સચ્ચા સૌદાના વડા વિવાદાસ્પદ બાબા ગુરમીત રામ રહીમને સીબીઆઈની ખાસ અદાલતે ધારણા પ્રમાણે જ કઠોર સજા ફટકારવામાં આવી હતી. રામ રહીમને બે જુદા જુદા મામલામાં ૧૦-૧૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. સજા અલગ અલગ ભોગવવાની રહેશે. જજે રામ રહીમને ૧૦-૧૦ વર્ષની જેલની સજાની સાથે સાથે બંને પીડિતોને ૧૪ લાખ રૂપિયાનો દંડ પણ કર્યો છે. કોર્ટમાં બાબાની કોઇ દલીલો સાંભળવામાં આવી ન હતી. તેમની દલીલો બિનઅસરકારક સાબિત થઇ હતી. સીબીઆઇ કોર્ટે બાબા રામ રહીમને કલમ ૩૭૬, ૫૧૧ અને ૫૦૬ હેઠળ દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ ૧૦-૧૦ વર્ષની સજા કરવામાં આવી છે. સજા કરવામાં આવ્યા બાદ ખાસ સીબીઇ કોર્ટના ચુકાદાને હાઇકોર્ટમાં પડકાર ફેંકવાનો નિર્ણય ડેરા દ્વારા કરવામાં આવ્યો છે. અગાઉ જજ પોતે વિમાન મારફતે રોહતક પહોંચ્યા હતા. રોહતકની સુનારિયા જેલમાં કામચલાઉ કોર્ટ ઉભી કરવામાં આવી હતી. બન્ને પક્ષો દ્વારા તેમા તર્કદાર દલીલો કરવામાં આવી હતી. બચાવ પક્ષે દલીલ કરી હતી કે રામ રહિમ એક સામાજિક કાર્યકર છે. લોકોના કલ્યાણ માટે કામ કરી રહ્યા છે. આ બાબતને પણ જજે સજા કરતી વેળા ધ્યાનમાં લેવી જોઇએ.વકીલોએ દલીલ કરી હતી કે બાબા બ્લડ ડોનેશન કેમ્પ અને સફાઇ અભિયાન ચલાવી રહ્યા છે. બાબાના વકીલોએ માફીની માંગ પણ કરી હતી જે ફગાવી દેવામાં આવી હતી. જો કે, બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલી દલીલોની કોઇ અસર જજ જગદીપસિંહ પર થઇ ન હતી. જગદીપસિંહ પોતાની સાથે ચુકાદો લખીને લાવ્યા હતા. બે વાગ્યાની આસપાસ જજે ચુકાદો સંભાળવવાની શરૂઆત કરી દીધી હતી. આશરે કલાક સુધી દલીલબાજીનો દોર ચાલ્યો હતો. બચાવ પક્ષના વકીલો દ્વારા રામ રહીમની જેલને પણ બદલવાની અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

### અંધારાને ચટકા ભરતો આગિયો

સર્ચલાઈટ પ્રકાશની પિચકારી છોડીને અંધારાને પજવતી રહે છે. અંધારાનો સ્વભાવ છે પડી રહેવાનો પણ ટ્યૂબલાઈટ એને ચૂંટી ખણીને હેરાન કરતી રહે છે. જર્જરિત મકાનની એક ઓરડીમાં કમળો થયો હોય એમ ઝાંખો વીજળીનો ગોળો અંધારાની આમન્યા જાળવીને સળગતો હોય છે. ઝબૂક ઝબૂક થતાં વીજળીનાં તોરણ અંધારાને ગલીપચી કરતા રહે છે. વનમાં ઘનઘોર અંધકારને આગિયો ચટકા ભરતો રહે છે. આવી બધી નાની નાની હેરાનગતિ વેઠી લેનારું અંધારું સવારમાં પૂર્વ દિશાએથી આવી પહોંચતાં કિરણોનાં ધાડાં સામે હારી જાય છે અને સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી લે છે.

નાની નાની બાબતો આપણને પજવતી રહે છે. વીસમી સદીના માણસની ખલેલ પામવાની ક્ષમતા અદ્દભુત જણાય છે. આખું જીવન નાની મોટી ખલેલ વેઠવામાં જ પૂરું થઈ જાય છે. છેવટે મૃત્યુ નામની મહાખલેલ સામે માણસ માથું નમાવીને સઘળી ખલેલમાંથી મુક્તિ મેળવે છે. શું મુક્તિ એ જીવન ખલાસ થાય પછીની જ ઘટના છે? તો તો પછી આપઘાતને 'મુક્તિદ્વાર' કહીને આવકારવો પડે! સાધુ જીવનના મેદાનમાં જ મુક્તિની કમાન ઊભી કરે છે. એ પલાયનવાદી બનીને આપઘાત નથી કરતો પરંતુ જીવનને એવો વળાંક આપે છે જે એને મુક્તિને માર્ગે લઈ જાય. પ્રત્યેક ખલેલ પછી એને માટે ખેલ બની રહે છે.

મજૂરણ ન આવે તે દિવસે ગૃહિણીનો મિજાજ પ્રેશર કૂકરના વાલ્વની આમન્યા જાળવતો નથી. ઘરની સ્વસ્થતાની માલિકી કોની? ઘરમાં રહેનારાંની કે મજૂરણની? બધું ખોરવાઈ જાય છે અને પરિવારના સભ્યોની તાણ તો અકબંધ! ક્યારેક મજૂરણ 'ફ્રેન્ચ લીવ' પર ઊતરે ત્યારે જ ગેસ ખલાસ થાય છે. અને એટલું ઓછું હોય તેમ એ જ વખતે મહેમાનો આવ્યા આવે છે. એકસાથે આટલી બધી આપત્તિઓને ગૃહિણી એકલે હાથે શી રીતે સહી શકે! પછી કૂકરના વાલ્વની તે શી મજાલ કે ઠાવકો થઈને બેસી રહે!

ક્યારેક સ્કૂટર ખરે ટાણે બાખડી ભેંસની માફક ખોટકાઈ પડે છે. તમે ખિજાઈને કિક મારો તેથી ફરક નથી પડતો. એ કેટલુ ભારે છે તેનો ખ્યાલ એને તમે ઘસડવા માંડો ત્યારે જ આવે છે. ઑફિસે જવાનું તો ખોરવાય છે પરંતુ ઑફિસેથી છૂટીને સીધા પિક્ચરના બીજા શોમાં જવાનું પણ ખોરવાય છે. આવી વખતે આપણું બ્લડપ્રેશર માપવા કોઈ નવરું નથી હોતું તે સારું છે.

પાવરકટને કારણે ઓચિંતુ અંધારું છવાઈ જાય ત્યારે આપણું ખાસ કશુંય અટકતું નથી. એકાદ કલાક માટે અંધારાનો સ્વાદ ચાખવાની એ ઉત્તમ તક છે. આખું ફળિયું ધ્યાનસ્થ થઈ શકે એવી એ ઈષ્ટાપત્તિ છે. પરંતુ એવું બનતું નથી. કલાકેક રહીને જ્યારે ઓચિંતી વીજળી આવી પહોંચે અને ટ્યૂબલાઈટ ખોંખારો ખાઈને ગળફો ફગોળવા માટે આનંદની કિકિયારી અંધારાની સોડમાં પડેલી શાંતિને જગાડી મૂકે છે.

ખલેલ વગર આપણને ચેન પડતું નથી. દુનિયા પર માણસે ઊભી કરેલ સૌથી મોટી ખલેલ જો કોઈ હોય તો તે છે યુદ્ધ. ઘણાંખરાં યુદ્ધો શાંતિની સ્થાપના માટે થયાં છે. મહાભારતના યુદ્ધ પછી શાંતિ તો સ્થપાયેલી પરંતુ એ શાંતિની કનડગત એટલી તો વસમી હતી કે પાંડવોને હિમાળો ગાળવાની જરૂર પડી. સૂર્યને શરણે ગયા વગર અંધારાનો છૂટકો નથી ! મામૂલી ખલેલોથી છૂટવાનો એ જ એક ઉપાય છે.

ગુણવંત શાહ

## રાજ્યમાં ફરી ગાજવીજ સાથે વરસાદ : અનેક વિસ્તારોમાં પાણી



અમદાવાદ

અમદાવાદ શહેરમાં આજે સતત બીજા દિવસે પણ બપોરના સુમારે ભાગે ગાજવીજ સાથે વરસાદ તુટી પડવાના પગલે શહેરના અનેક નિચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જવા પામ્યા હતા.મ્યુનિસિપલ તંત્ર દ્વારા શહેરના રસ્તાઓ ઉપર પડેલા ખાડા પુરવા માટે ખાડાઓમાં નાંખવામા આવેલા કાદવને પગલે અનેક વાહન ચાલકો વાહનો સાથે સ્લીપ થઈ ગયાના બનાવો પણ સામે આવવા પામ્યા હતા. દરમિયાન આજે પડેલા ભારે વરસાદી ઝાપટાની વચ્ચે અમદાવાદ શહેરનો મોસમનો સરેરાશ ૮.૨૧ મીલીમીટર વરસાદની સાથે કુલ વરસાદ ૩૭.૨૨ ઈંચ પર પહોંચ્યો છે.વાસણા બેરેજનો એક દરવાજો એક ફૂટ જેટલો ખોલવામા આવ્યો છે. આ અંગેની વિગત એવી છે કે,અમદાવાદ સહીત રાજ્યમાં ૩૧ ઓગસ્ટ સુધી ભારેથી અતિભારે વરસાદ પડવાની હવામાન વિભાગ તરફથી કરવામા આવેલી આગાહીને પગલે રવિવારના રોજ સાંજના સુમારે અમદાવાદ શહેરના અનેક વિસ્તારોમા ભારે વરસાદી ઝાપટા પડયા બાદ આજે બપોરે બેના સુમારે ફરી એક વખત આકાશ અનુસંધાન પાના નં.૬

**પદયાત્રીઓની સુરક્ષાને લઇ સરકાર પક્ષનું નિવેદન**

## અંબાજીના પદયાત્રીની હાલાકી પ્રશ્ને હાઇકોર્ટમાં પીઆઇએલ

**અંબાજીમાં પ્રવેશથી મંદિર સુધી રૂટ પર ભાદરવી પૂનમના અઠવાડિયા પૂર્વે વાહનો-પાર્કિંગ માટે પ્રતિબંધ ફરમાવાશે**

અમદાવાદ

ભાદરવી પૂનમને લઈ અંબાજી મેળા દરમ્યાન પદયાત્રી દર્શનાર્થીઓને પડી રહેલી હાલાકી સહિતના મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની રિટ અરજી દાખલ થઈ છે. અંબાજીમાં પ્રવેશતાં જ મંદિર સુધીના રસ્તાની ફુટપાથો પર દુકાનોની મંજૂરી સત્તાવાળાઓએ આપી દીધી હોવાના કારણે હજારો શ્રધ્ધાળુ પદયાત્રીઓને રસ્તા પર ચાલવાની ફરજ પડે અને તેથી અકસ્માતનું અને તેઓની જાનનું જોખમ ઉભુ થયુ છે તેવી દહેશત જાહેરહિતની રિટમાં વ્યકત કરાઇ હતી. જો કે, સરકાર દ્વારા હાઇકોર્ટ સમક્ષ એવું નિવેદન કરાયું હતું કે, ભાદરવી પૂનમના મેળા પહેલા એક અઠવાડિયા સુધી અઁબાજીમાં પ્રવેશથી મંદિર સુધીના રૂટ પર વાહનો અને પાર્કિંગ માટે પ્રતિબંધિત રહેશે. હાઇકોર્ટે કેસની વધુ સુનાવણી બુધવારે રાખી હતી. જાહેરહિતની રિટ અરજીમાં એ મતલબની રજૂઆત કરવામાં આવી હતી કે, સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં ભાદરવી પૂનમના દર્શન માટે ગુજરાત અને દેશ-વિદેશમાંથી થઇ લાખો શ્રધ્ધાળુઓ માતાજીના દર્શનાર્થે આવે છે, હજારો લોકો અઁબાજી માતાના દર્શન માટે દૂર-દૂરના અંતરે-ગામો, શહેરોથી ચાલતા-પગપાળા આવતા હોય છે. તેઓના માટે રસ્તામાં અનુસંધાન પાના નં.૬

### આજે કોંગીના ૪૩ વફાદાર સભ્યોનું સુરત ખાતે સન્માન થશે

અમદાવાદ

કોંગ્રેસના વફાદાર ૪૩ ધારાસભ્યોનું આવતીકાલે સુરતમાં જાહેર સન્માન કરવામાં આવશે. રાજયસભાની ચૂંટણી વખતે કપરા સંજોગોમાં પક્ષની સાથે રહી એહમદ પટેલને જીતાડવામાં બહુ મહત્વની ભૂમિકા ભજવનાર અને પક્ષની પ્રતિષ્ઠા સાચવનાર આ ૪૩ ધારાસભ્યોની વફાદારીની કદર કરી કોંગ્રેસ પક્ષ દ્વારા આવતીકાલના કાર્યક્રમમાં તેમની પક્ષ પ્રત્યેની નિષ્ઠા અને ઈમાનદારીને બિરદાવવામાં આવશે.

**ફુલ મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે**

## ગુજરાતમાં સ્વાઈન ફ્લુથી વધુ ૭ના મોત : મૃતાંક ૩૩૮ થયો

**નવા ૧૮૭ કેસ સપાટી ઉપર આવતા કેસોની સંખ્યા હવે આઠ મહિનાના ગાળામાં વધી ૪૫૮૯ સુધી પહોંચી ગઈ**



અમદાવાદ

રાજ્યભરમાં જીવલેણ સાબિત થઇ રહેલા સ્વાઈન ફ્લુની પરિસ્થિતિ દિન પ્રતિદિન વધુને વધુ ભયાનક બની રહી છે. સ્વાઈન ફ્લુના કારણે આજે રાજ્યમાં વધુ ૭ લોકોના મોત થતા મૃત્યુ આંક ૩૩૮ થયા હતા અને વધુ ૧૮૭ કેસ સપાટી ઉપર આવ્યા હતા જે પૈકી એકલા અમદાવાદમાં ૭૮ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે આજે વધુ ૭ લોકોના મોત થયા હતા તે પૈકી એકલા અમદાવાદમાં ૪ લોકોના મોત થયા હતા. રાજ્યમાં સ્વાઈન ફ્લુના કારણે મોતનો આંકડો વધીને ૩૩૮ ઉપર પહોંચી ગયો છે જ્યારે રાજ્યભરમાં કુલ કેસોની સંખ્યા વધીને ૪૫૮૯ ઉપર પહોંચી ગઈ છે. ગઈકાલે શનિવારના દિવસે સ્વાઈન ફ્લુના લીધે વધુ સાતના મોત અને ૧૯૭ કેસ નોંધાયા હતા. નવા નવા કેસ દર્શાવે છે કે ગુજરાતમાં હાલત કફોડી બનેલી છે. સરકારી આંકડા દર્શાવે છે કે, છેલ્લા ૧૦ દિવસના ગાળામાં સ્વાઈન ફ્લુના કારણે ૯૬ના મોત થઈ ચુક્યા છે. જ્યારે રાજ્યમાં આટલા ગાળામાં જ સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૨૦૭૫ થઈ ગઈ છે. તેમછતાં સરકારી તંત્ર સાચા આંકડા બહાર ના આવે અને લોકોમાં સ્વાઈન ફ્લુની સાચી પરિસ્થિતિ ખુલ્લી ના પડી જાય તે હેતુથી સાચી આંકડાકીય માહિતી અનુસંધાન પાના નં.૬

## ડીસા અને થરાદ તાલુકામાં એક-એક ઈંચ વરસાદ

**વાતાવરણમાં ઠંડક પ્રસરતા આમ પ્રજાને હાશકારો**



ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદની આગાહી વચ્ચે છુટાછવાયા ભારે વરસાદી ઝાપટાં પડી રહ્યા છે.જેમાં ગઈકાલે ડીસા અને થરાદમાં સૌથી વધુ એક-એક ઈંચ વરસાદ નોંધાયો હતો.

સરહદી વિસ્તારમાં જુલાઈ મહિનામાં અતિ ભારે વરસાદ ખાબક્યો હતો. તેમ છતાં બફારો અને ઉકળાટનું પ્રમાણ અકબંધ જળવાઈ રહ્યું છે. ત્યારે સમગ્ર રાજ્યમાં ભારે વરસાદની આગાહીના પગલે જિલ્લામાં ઠેર ઠેર ભારે વરસાદી ઝાપટાં પડી રહ્યા છે. જે અંતર્ગત ગઈકાલે ડીસા અને થરાદ પંથકમાં આકાશમાં ધસી આવેલા કાળા ભમ્મર વાદળાં વરસી પડતા સર્વત્ર પાણી-પાણી થઈ ગયું હતું. ડીસામાં ૩૪ મી.મી અને થરાદ તાલુકામાં ૨૪ મી.મી વરસાદ નોંધાયો હતો. અન્ય તાલુકાઓમાં છુટા છવાયો વરસાદ પડ્યા હોવાના અહેવાલો સાંપડે છે. ભારે વરસાદી ઝાપટા પડતા વાતાવરણ ઠંડુગાર બની જતા આમ પ્રજાએ હાશકારો અનુભવ્યો હતો.છુટા છવાયા ભારે વરસાદી ઝાપટાં પડવાનો દૌર યથાવત રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

**ડીસા-ધાનેરા માર્ગ પર ફરી ગોઝારો બન્યો**

## બાઈવાડા પાસે મારૂતિ વાન-બોલેરો જીપ વચ્ચે ટક્કરમાં બેના મોત : ચાર ઘાયલ



ભરત સુંદેશા



ડીસા

ડીસા તાલુકામાં અકસ્માતોની વધતી જતી વણઝાર વચ્ચે નોંધાયેલા વધુ એક અકસ્માતમાં ડીસાથી ધાનેરા જતાં રોડ પર બાઈવાડા પાસે બોલેરો જીપ અને મારુતિ વાન વચ્ચે અકસ્માતમાં જેમાં એક મહિલા સહિત ડીસાના એક વેપારીનું કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે ચારથી વધુ મુસાફરોને ઈજા થતાં સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

ડીસા તાલુકાના થેરવાડા ગામના વતની અને હાલ ડીસાની ચંદ્રલોક સોસાયટીમાં રહેતા તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ફરીને પીપરમિન્ટ, અગરબત્તી સહિતનો વ્યવસાય કરતા પારસમલ પુનમચંદ શાહ ( ઉ.વ.૪૮ ) સોમવારે પોતાની મારુતિવાન લઈ ને ડીસા ધાનેરા રોડ ના ગામોમાં પોતાના રૂટિન પ્રમાણે જવા નીકળ્યા હતા. દરમ્યાન બપોરે ત્રણેક વાગ્યે રાજસ્થાન તરફથી પુર ઝડપે આવી રહેલી બોલેરો જીપ ચાલકના ગફલતભર્યા ડ્રાઈવિંગથી જોરદાર ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં પારસમલ શાહ તેમજ જીપમાં બેઠેલી એક મહિલાને ગંભીર ઈજા થતાં બંનેના મોત નિપજયા હતા.જયારે ચાર વ્યક્તિઓને ગંભીર ઈજા થતાં તેમને ૧૦૮ મારફતે ડીસાની સરકારી હોસ્પિટલે સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. આ અકસમાત કરી જીપ ચાલક પોતાનું વાહન મૂકી ફરાર થઈ ગયો હતો. જેમાં ડીસા તાલુકા પોલીસે ભાગેડુ જીપ ચાલક વિરૂધ્ધ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

મૃતક પારસમલ શાહે સારવાર મળે તે અગાઉ રસ્તામાં જ દમ તોડ્યો હતો. તેમના મોત થી પરિવાર પર ભારે આફત આવી પડી છે. તેઓ ત્રણ સંતાનના પિતા હતા.તેમના મોતથી જૈન સમાજ અને વેપારી આલમમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે.

**ઇજાગ્રસ્તોના નામ**

રાણસિંહ જોરસિંહ રાજપૂત, મોહરા, રાજ.
ગમારામ તગારામ મેઘવાલ, રાજ.
સુરેશભાઈ ચુનીલાલ રાઠોડ, સિંધી કોલોની
સોહનબેન મોડસિંહ રાઠોડ

## મહિના બાદ તાલુકાના ગામોમાં ભરાયેલાં પાણીના નિકાલની કામગીરી હાથ ધરાઇ



**તાલુકાના ત્રણ ગામોની ૨૦૦૦ એકર જમીનમાં દસથી બાર ફુટ પાણી ભરાયાં હતાં**

(પ્રતિ.) થરાદ

થરાદના તાલુકાના નાગલા, ખાનપુર અને ડોડગામના ૫૦૦થી વધુ ખેડુતોના દસથી બાર ફુટ પાણીમાં ગરકાવ પડેલાં ખેતરોનાં પાણીના નિકાલની કામગીરી મહીના બાદ નર્મદા અને સિંચાઇ વિભાગ સાથે મળીને હાથ ધરવામાં આવી હતી. સુત્રોએ પાણીના નિકાલ માટે કુલ ૧૯ પંપ ગોઠવવામાં આવશે તેમ જણાવ્યું હતું.

ગત જુલાઈમાં થરાદના નાગલા,ખાનપુર અને ડોડગામના ૭૫૦થી વધારે ખેતરોની આશરે ૨૧૦૦ એકરથી પણ વધુ જમીનમાં સરેરાશ દસથી બાર ફુટ જેટલા પાણી ભરાવા પામ્યાં હતાં. જે સાતેક કિલીમીટર લંબાઇ અને ચાર કીમી પહોળાઇના ઘેરાવામાં ફેલાયેલાં પડ્યાં છે. ૩૦મી જુલાઈએ નાગલામાં અસરગ્રસ્તોની મુલાકાતે આવેલા ખુદ મુખ્યમંત્રી વિજયરૂપાણીએ અગાઉ મહીના પછી પાણી ઉલેચવાનું શરુ કરાયું હતું પણ રાજ્ય સરકાર કાલ થતું હોય તો પરમ નહી કરે તેવા આશ્વાસનના મહીના બાદ આ ગામોમાં પાણીના નિકાલ માટેની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હતી. ડીસા સિંચાઇ આંતરીક વર્તુળ એક અને બે તથા જી.ડબલ્યુ. અનુસંધાન પાના નં.૬